Surat Municipal Corporation
e-Magazine
Issue 28
Nov. 25, 2005

## સુરત મહાનગરપાલિકામાં એનર્જી એફીસીયન્સી સેલ ધ્વારા પ્રેઝનટેશન




એનર્જી એફીસીયન્સી સેલની ઓકટોબર–૨૦૦૧ કરેલ સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં કુલ ૬ કરોડ રૂા. જેટલી વાર્ષિક બચત કરવામાં આવેલ છે તથા એનર્જી એફીસીયન્સી સેલ ઊર્જા બચત માટે સતત પ્રવૃતિશીલ છે. વિશ્વમાં ઘટી રહેલ વિવિધ ઊર્જા સ્ત્રોતો જેવા કે પેટ્રોલિયમ, ગેસ તથા કોલસાને કારણે તેની કિંમતમાં સતત વધારો થઈ રહેલ તેમજ સદર સ્ત્રોતો પ્રદૂષણ પણ ફેલાવતા હોય તેને વાતાવરણને ગંભીર અસરોમાં ખૂબ જ વધારો થયો છે. આથી, પ્રદૂષણ વિહીન/ નહિવત પ્રદૂષણ ફેલાવતા કુદરતી ઊર્જા સ્ત્રોતો જેવા કે સોલાર, વિન્ડ તેમજ બાયોમાસનો ઉપયોગ વધે તે જરૂરી છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાને સરકાર તરફથી શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ મળી

રાજય સરકારે શિક્ષણ ઉપકરની પ.૩પ કરોડની ગ્રાન્ટ રિલીઝ કરતા ગયા નાણાકીય વર્ષની ૩૮ કરોડની સંપૂર્ણ ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થઈ ગઈ છે.

સુરત મહાનગરપાલિકાના કમિશનરે સરકારમાં રજૂઆત કરતા ગ્રાન્ટ તબકકાવાર રિલીઝ કરવા સરકાર સહમત થઈ હતી. દિવાળી પૂર્વે ૩૨.૪૯ કરોડની ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને ચૂકવાઈ હતી. તા.૨૧–૧૧–૨૦૦પના રોજ પ.૩પ કરોડની ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવી હતી. આ ગ્રાન્ટ સાથે માર્ચ ૨૦૦પ સુધીની ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને ચૂકવાઈ ગઈ છે ....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉપક્રમે કુદરતી આપત્તિને પહોંચી વળવા સુરતના યજમાન પદે યોજાયેલી તાલીમ શિબિર

સમગ્ર ગુજરાતમાં આવનારી ભૂકંપ–પૂર જેવી કુદરતી આપત્તિઓને પહોંચી વળવા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નેજા હેઠળ યોગ્ય તાલીમ લઈ સજજ થવાનું યજમાન પદ સુરતના ફાળે ગયું છે. કપરા સંજોગોને પહોંચી વળવાના હેતુથી ગુજરાત સરકારે સુરતન શહેરને રિસ્પોન્સ સેન્ટર તરીકે માન્યતા આપી સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડને તાલીમ આપવાની કામગીરી સોંપી છે. જેના અનુસંધાને સમગ્ર દક્ષિણ ગુજરાતના પસંદગી પામેલ ફાયરમેનથી લઈ મામલતદાર સુધીના તમામને મજુરાગેટ સ્થિત ચિલ્ડ્રન પાર્કમાં રેસ્કયુ (બચાવ કામગીરી) ની ખાસ તાલીમ અપાઈ રહી છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરમાં ૨૬–૨૭મીએ 'લશ્કરને ઓળખો' અંતર્ગત શસ્ત્રો–પ્રદર્શન તથા લાઈવ શોનું મેગા આયોજન

સામાન્ય પ્રજાને લશ્કરની જાણકારી મળે અને જાગૃતિ આવે તે હેતુથી સુરત શહેરમાં સૌ પ્રથમવાર લશ્કરની વિવિધ પ્રવૃત્તિઓનું તથા શસ્ત્ર પ્રદર્શન તા.૨૬–૧૧–૨૦૦પ થી તા.૨૭–૧૧–૨૦૦પ સુધી રૂા. બે કરોડના ખર્ચે ભારતીય લશ્કર ઉધના ખાતે આવેલ બી.આર.સી. કંપનીના ગ્રાઉન્ડ ઉપર યોજાનાર છે. લશ્કરમાં કુદરતી સહિતની યાતનાઓ વચ્ચે રાષ્ટ્રની રક્ષા કરતા યોધ્ધાઓના જીવનથી લોકો પરિચિત થાય તે માટે 'તમારા લશ્કરને ઓળખો' અંતર્ગત શસ્ત્રો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન અને શો માટે શહેરીજનો માટે વિના મૂલ્યે રાખવામાં આવેલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૪,૬૧,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

"ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા:૨૮/૧૧/૨૦૦પ થી તા:૧૯/૦૧/૨૦૦૬ દરમ્યાન હાથ ધરવાનો છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકામાં  એનર્જી એફીસીયન્સી સેલ ધ્વારા પ્રેઝનટેશન

એનર્જી એફીસીયન્સી સેલની ઓકટોબર–૨૦૦૧ કરેલ સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં કુલ ૬ કરોડ રૂા. જેટલી વાર્ષિક બચત કરવામાં આવેલ છે તથા એનર્જી એફીસીયન્સી સેલ ઊર્જા બચત માટે સતત પ્રવૃતિશીલ છે. વિશ્વમાં ઘટી રહેલ વિવિધ ઊર્જા સ્ત્રોતો જેવા કે પેટ્રોલિયમ, ગેસ તથા કોલસાને કારણે તેની કિંમતમાં સતત વધારો થઈ રહેલ તેમજ સદર સ્ત્રોતો પ્રદૂષણ પણ ફેલાવતા હોય તેને વાતાવરણને ગંભીર અસરોમાં ખૂબ જ વધારો થયો છે. આથી, પ્રદૂષણ વિહીન/ નહિવત પ્રદૂષણ ફેલાવતા કુદરતી ઊર્જા સ્ત્રોતો જેવા કે સોલાર, વિન્ડ તેમજ બાયોમાસનો ઉપયોગ વધે તે જરૂરી છે. સદર સ્ત્રોતો પૈકી સૂર્ય ઊર્જાનો એક મહત્વનો ઉપયોગ સોલાર વોટર હીટીંગનો છે. જે અંગે એનર્જી એફીસીએન્સી ધ્વારા તા.૨૩/૧૧/૨૦૦૫ના રોજ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં સોલાર વોટર હીટીંગ સિસ્ટમના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે એક પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. સદર પ્રેઝન્ટેશનમાં સોલાર હીટીંગ સિસ્ટમને કારણે થતી વીજ બચત તેમજ તેના કારણે પર્યાવરણને થતા ફાયદાઓ, ટેકનીકલ વિગતો, શહેર વિસ્તારમાં રહેઠાણ, વેપાર તેમજ અન્ય હેતુ માટે વપરાતી બિલ્ડીંગોમાં તેના ઉપયોગને કેવી રીતે પ્રોત્સાહિત કરી શકાય વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જે અંગે હાલમાં સોલાર વોટર હીટરના ઉપયોગ વિશે સામાન્ય જનતા તેમજ વ્યાપારી તથા અન્ય હેતુ માટે વપરાતી બિલ્ડીંગોના વપરાશકારો/ માલિકોમાં જાગૃતિ આવે તે અંગે એડવર્ટાઈઝીંગ કરવાની અંગેની કાર્યવાહી હાથ ધરવા આવેલ છે. સદર બાબતની કાર્યવાહી ટાઉન પ્લાનીંગ ખાતુ તેમજ એનર્જી એફીસીયન્સી સેલ મારફત કરવામાં આવી રહેલ છે.




ભારતમાં ઉપયોગમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતુ ફલેટ કલેકટર ટાઈપ સોલાર વોટર હીટર

TOP

## સુરત મહાનગરપાલિકાને સરકાર તફરથી શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ મળી

**રાજય સરકારે શિક્ષણ ઉપકરની ૫.૩૫ કરોડની ગ્રાન્ટ રિલીઝ કરતા ગયા નાણાકીય વર્ષની ૩૮ કરોડની સંપૂર્ણ ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થઈ ગઈ છે.**

**સુરત મહાનગરપાલિકાના કમિશનરે સરકારમાં રજૂઆત કરતા ગ્રાન્ટ તબકકાવાર રિલીઝ કરવા સરકાર સહમત થઈ હતી. દિવાળી પૂર્વે ૩૨.૪૯ કરોડની ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને ચૂકવાઈ હતી. તા.૨૧–૧૧–૨૦૦૫ના રોજ ૫.૩૫ કરોડની ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવી હતી. આ ગ્રાન્ટ સાથે માર્ચ ૨૦૦૫ સુધીની ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને ચૂકવાઈ ગઈ છે.**

TOP

## ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉપક્રમે કુદરતી આપત્તિને પહોંચી વળવા સુરતના યજમાન પદે યોજાયેલી તાલીમ શિબિર

સમગ્ર ગુજરાતમાં આવનારી ભૂકંપ–પૂર જેવી કુદરતી આપત્તિઓને પહોંચી વળવા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નેજા હેઠળ યોગ્ય તાલીમ લઈ સજ્જ થવાનું યજમાન પદ સુરતના ફાળે ગયું છે. કપરા સંજોગોને પહોંચી વળવાના હેતુથી ગુજરાત સરકારે સુરતન શહેરને રિસ્પોન્સ સેન્ટર તરીકે માન્યતા આપી સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડને તાલીમ આપવાની કામગીરી સોંપી છે. જેના અનુસંધાને સમગ્ર દક્ષિણ ગુજરાતના પસંદગી પામેલ ફાયરમેનથી લઈ મામલતદાર સુધીના તમામને મજુરાગેટ સ્થિત ચિલ્ડ્રન પાર્કમાં રેસ્કયુ (બચાવ કામગીરી) ની ખાસ તાલીમ અપાઈ રહી છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ભૂકંપ, પૂર, વાવાઝોડુ વગેરે આપત્તિઓ સામે રક્ષણ મેળવવા ગુજરાત સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (જીએસડીએમએ – ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી) નામક ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરાઈ હતી. પરંતુ ભૂતકાળમાં સર્જાયેલી આપતિ સમયે યોગ્ય તાલીમના અભાવે કર્મચારીઓ યોગ્ય બચાવ કામગીરી કરી શકયા ન હોવાનું બહાર આવ્યું હતું. જેથી આપતિ સતામંડળને વધુ કાર્યક્ષમ બનાવવા વર્ષ ૨૦૦૩માં જીએસડીએમએ એકટ નામે કાયદેસર કાયદો ઘડાયો હતો. આ કાયદા અંતર્ગત આખા રાજયની દરેક નગરપાલિકાઓ તેમજ જિલ્લાની પંચાયતોના ઈમરજન્સી (ફાયર)ના સ્ટાફ સહિત પસંદગી કરાયેલ કર્મચારીઓ–અધિકારીઓને યોગ્ય તાલીમ આપવાનું આયોજન કરાયું હતું. આ કાયદા અંતર્ગત આપતિ વ્યવસ્થાપન સતામંડળ ધ્વારા ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ અને સુરત એમ ત્રણ ઝોન બનાવ્યાં હતા.

આ વિવિધ ઝોન પૈકી સમગ્ર દક્ષિણ ગુજરાતના રિસ્પોન્સ સેન્ટર તરીકે સુરતને માન્યતા આપવામાં આવી હતી. તેમાં ફાયર તેમજ સર્ચ અને રીસ્કયુની કામગીરી અંતર્ગત વહીવટી તંત્રના યોગ્ય કર્મચારી–અધિકારીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં સુરત મનપાના ફાયરબ્રિગેડને સમગ્ર દક્ષિણ ગુજરાતના વલસાડ, ભરૂચ, પંચમહાલ, ડાંગ વિગેરેના પસંદગી પામેલ કર્મચારી–અધિકારીઓને રેસ્કયુ તાલીમ આપવાની કામગીરી સોંપાઈ હતી. જેના અનુસંધાને જીએસડીએમએના સીધા માર્ગદર્શન હેઠળ સુરત ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસરશ્રી જી.એમ. કોઠવાળા,ડે. ચીફ ફાયર ઓફિસરશ્રી એસ. કે. આચાર્યએ ફાયર ઓફિસર એસ.એમ.ગામીતની ટ્રેનીંગ ઈન્ચાર્જ તરીકે નિમણૂંક કરી વર્ષ ૨૦૦૪થી રેસ્કયુની તાલીમ આપવાનું શરૂ કરી દીધું હતુ.

TOP

## સુરત શહેરમાં ૨૬–૨૭મીએ 'લશ્કરને  ઓળખો' અંતર્ગત શસ્ત્રો–પ્રદર્શન તથા લાઈવ શોનું મેગા આયોજન

સામાન્ય પ્રજાને લશ્કરની જાણકારી મળે અને જાગૃતિ આવે તે હેતુથી સુરત શહેરમાં સૌ પ્રથમવાર લશ્કરની વિવિધ પ્રવૃત્તિઓનું તથા શસ્ત્ર પ્રદર્શન તા.૨૬–૧૧–૨૦૦૫ થી તા.૨૭–૧૧–૨૦૦૫ સુધી રૂા. બે કરોડના ખર્ચે ભારતીય લશ્કર ઉધના ખાતે આવેલ બી.આર.સી. કંપનીના ગ્રાઉન્ડ ઉપર યોજાનાર છે. લશ્કરમાં કુદરતી સહિતની યાતનાઓ વચ્ચે રાષ્ટ્રની રક્ષા કરતા યોધ્ધાઓના જીવનથી લોકો પરિચિત થાય તે માટે 'તમારા લશ્કરને ઓળખો' અંતર્ગત શસ્ત્રો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.  આ પ્રદર્શન અને શો માટે શહેરીજનો માટે વિના મૂલ્યે રાખવામાં આવેલ છે.

સુરત ખાતે આવેલ લશ્રના કર્નલ રાજીવે જણાવ્યું હતું કે,અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતના યુવાનો સૌથી ઓછા લશ્કરમાં ભરતી થાય છે. લશ્કરમાં જોડાવા અંગે જાગૃતિ લાવવા અને લશ્કરને જાણવા માટે સુરત ખાતે આગામી તા. ૨૬ અને ૨૭મીના રોજ ખાસ શસ્ત્રો પ્રદર્શન અને લાઈવ–શોનું આયોજન કર્યું છે. સુરત મહાનગરપાલિકા તરફથી આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સેનીટેશન, આર્મીના જવાનો માટે રહેવાની વ્યવસ્થા, સ્થળ સુધીના રસ્તાઓની મરામત, તેમજ સાફ સફાઈ માટેના સાધનો જેવા કે બુલડોઝર, એસ્કેવેટર, પાણીના ટેંકર વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, પ્રદર્શનમાં વિવિધ હથિયારો જેવા કે ૧૦૬ એમ.એસ.ની રીકોલેસ ગન, મિસાઈલ્સવાળી ટેન્ક, જીપ ઉપર રાખવામાં આવતી બંદુકો, રીમોટ વડે આપો આપ ફુટતી બંદુક અન્ય વિવિધ પ્રકારની બંદુકો અને પિસ્તોલ, દુશ્મનોના મોટા ઉપકરણોને મહાત કરવા માટે વાપરવામાં આવતા લોંચરો, દુશ્મનો ધ્વારા જમીનમાં અંદર મુકવામાં આવતા બોમ્બને શોધવા માટેના ઓપ્ટીકલ ડીવાઈસીસ, યુધ્ધ દરમિયાન નદી–ખાઈને પાર કરવા માટે બનાવતો ટ્રક ફોલ્ડીંગ પુલ, અણુ બોમ્બ, જૈવિક બોમ્બને શોધવા માટેના માઈન ડીટેકટર, જમીન અને પાણીની અંદર મોટીમોટી નદી પર બોમ્બ ફીટ  કર્યા હોય તો તેને શોધવાનું ડીસ્પોજલ પ્રદર્શનમાં મુકવામાં આવશે. જમીનમાં ખાડો ખોદીને બંકરો બનાવીને અંદર રહેતા સૈનિકોનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવશે. હેવી તોપખાના, ગુજરાતના લશ્કરે કુદરતી આપતિઓ પૂર ધરતીકંપ વેળાએ બજાવેલી કામગીરીના ફોટોગ્રાફસ, હવાઈ હુમલા સામે વપરાતા ગન્સ રડાર અને મિસાઈલનું પ્રદર્શન લડાઈ વેળાએ હથિયારો બગડી જાય તો તેની મરામત માટેની મોબાઈલ વાન પ્રદર્શનમાં રજૂ થશે. આ ઉપરાંત યુધ્ધ વેળાએ ઈજા પામેલા સૈનિકોને મોબાઈલ વાનમાં સારવાર સાથે દવાખાના સુધી પહોંચાડવા માટેની મોબાઈલ હોસ્પિટલ મહિન્દ્રા એન્ડ ૨.૫ ટન એમ્બ્યુલન્સ જયારે બારે માસ બરફ હોય છે તેવા સીયાચીન ગ્લેશીયરમાં જવાનો માટે તૈયાર કરવામાં આવતા અત્યંત કિંમતી પહેરવેશ પણ પ્રદર્શનમાં મૂકવામાં આવશે. જવાનોના પરિવાર ધ્વારા બનાવેલ વિવિધ આઈટમો પણ પ્રદર્શનમાં જોવા મળશે. આર્મી વાઈફ વેલફેર નામની ચાલતી સંસ્થાનો પણ એક સ્ટોલ હશે. જિલ્લા સૈનિક વેલ્ફેરના પ્રદર્શન સ્ટોલમાં સરકાર ધ્વારા મળતી સવલતો, મીલીટરીમા ભરતી માટેની તકોની માહિતી આપતા સ્ટોલ જોવા મળશે.

તા. ૨૬મીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે  કાર્યક્રમ શરૂ કરવામા આવશે. દિવસમાં ત્રણ વખત લાઈવ–શો થશે.

ઉપરાંત રાત્રિ દરમિયાન લશ્કરના જવાનો ધ્વારા બાયોનેટ ફાઈટીંગ, બેન્ડ ડીસ્પલ, ડેર ડેવીલ શો, ખુખરી ડાન્સ, પંજાબી ભાંગડા, મલખમના વિવિધ શો રજૂ કરવામાં આવશે. જેનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૪,૬૧,૦૦૦ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તાઃ૨૮/૧૧/૨૦૦૫ થી તાઃ૧૯/૦૧/૨૦૦૬ દરમ્યાન હાથ ધરવાનો છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા, આંત્રકૃમિ, રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાં થી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

ગયા વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૬૫૮ પ્રાથમિક શાળાઓના ૪,૦૯,૨૩૨ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૩૮,૦૬૯ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી.૨૬૮૬ બાળકોને આંખ, કાન નાક ગળા ના રોગો, ચામડીના રોગોના તજજ્ઞ તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.૧૬૬ જરૂરીયાત વાળા બાળકોને જુની સિવીલ હોસ્પીટલ દ્વારા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.ખાસ કેસ તરીકે હૃદય ની સારવાર માટે ૧૧ બાળકોને તથા કીડની તથા કેન્સર ની ખામીવાળા એક એક બાળકોને તેમના વાલીઓ સાથે નવી સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા હતા.હૃદયની ખામીવાળા બાકીના ૧૦૯ બાળકોને તાઃ૦૫/૧૨/૨૦૦૫ થી તાઃ૧૨/૧૨/૨૦૦૫ દરમ્યાન નવી સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૭૪ તથા ૫૭૩ માન્ય ખાનગી શાળાઓ મળી કુલ ૮૪૭ પ્રાથમિક શાળાઓના ૪,૬૧,૦૦૦ થી વધુ બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૪૯ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફીસર સાથે એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક / શિક્ષિકા મદદ માં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો ,વીટામીન 'એ' ની ઉણપ,આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાંજ આપવામાં આવશે. જયારે સ્થળ પર સારવાર ન આપી શકાય તેવી બીમારી વાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ(૨)સ્મીમેર હોસ્પીટલ(૩)નવી સીવીલ હોસ્પીટલ(૪)જુની સીવીલ હોસ્પીટલ ખાતે આ સારવાર વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે બાળ રોગ, આંખ, કાન નાક ગળા ના રોગો, ચામડીના રોગોના તજજ્ઞ તબીબોની સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત હૃદય, કીડની તથા કેન્સર જેવી બિમારીઓમાં જરૂર પડે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે.

ચાલુ વર્ષે આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત શહેરી આરોગ્ય કેન્દ્રો ના ૦૪, સ્મીમેર મેડીકલ કોલેજ ના–૪૫ મળી કુલ–૪૫ ડોકટરો, ૪૯ પેરામેડીકલ વર્કરો તથા ૧૬૯૪ શિક્ષક –શિક્ષિકાઓ ભાગ લેશે.આ અંગેની મેડીકલ ઓફીસરો ,પેરામેડીકલ વર્કરો ને તાલીમ આપવાની કામગીરી પુરી કરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશ્નર શ્રી પંકજ જોષી ના આદેશાનુસાર, ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું છે.

TOP